# શહેરના ગ્રામ્ય વિસ્તારના સ્ટેન્ડ પર બસ ઉભી ન થતા મુસાફરો આગ બબુલા

ગાંધીનગર તા ૩

શહેરમાં ગ્રામ્ય વિસ્તારના સ્ટેન્ડ પર બસો ઉભી ન રહેતા મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. નવા બસ સ્ટેન્ડ બન્યા બાદ જુના બસ સ્ટેન્ડ પર કોઈવાર બસ સ્ટોપ થાય છે. આવા સંજોગોમાં બસ સ્ટોપના મામલે પણ મુંઝવણ ઉભી થઈ છે. ગ્રામ્ય વિસ્તારની લોકલ બસો નગરના મુખ્ય માર્ગ પર સ્થિત પાંચ સ્ટેન્ડ પર ઉભી રહે તે માટે ડેપો મેનેજરને રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ની બસોના રૂટ પુરતા ન હોવાના લીધે મુસાફરોને સમયસર બસ મળતી ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે ગ્રામ્ય વિસ્તારની બસો માટે ડેપોમાંથી સંચાલન થતુ નથી. ત્યારે શહેરના સ્થાનિક સ્ટેન્ડો પર લોકલ બસો ઉભી ન રહેતા મુસાફરોને બસસેવા માટે વલખા મારવા પડે છે. એટલુ જ નહીં પરંતુ નવા બસ સ્ટેન્ડ બની ગયા છે આમ છતા જુના સ્ટેન્ડો હજુ યથાવત છે. આવા સંજોગોમાં એસ ટી ની



સલામત સવારી જુના સ્ટેન્ડ પર સ્ટોપ કરતા મુસાફરોએ પણ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ અધ્ધરતાલ છે. ડેપોને મોડેલ ડેપો બનાવવા માટે કોઈ ગતિવિધિઓ હાથ ધરાઈ નથી. જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ જવા માટે બસ સુવિધા ઉપલબ્ધ નથી. ત્યારે શહેરના વિવિધ સ્ટોપ પર બસો ઉભી ન રહેતા મુસાફરોમાં રોષ પ્રવર્તયો છે. શહેરના ઘ-૪, ઘ-૫, ઘ-૬ અને ચરેડી વિસ્તારના સ્ટેન્ડ પર ગ્રામ્ય વિસ્તારમાં દોડતી લોકલ બસો સ્ટોપ કરતી નથી. જયારે આ વિસ્તારમાં નવા બસ સ્ટેન્ડ અસ્તિત્વમાં આવ્યા બાદ જુના સ્ટેન્ડ પર બસો ઉભી રહેતા મુસાફરો પણ સ્ટોપ માટે કયાં ઉભા રહેવુ તે મામલે પણ મુંઝવણ અનુભવી રહયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે એસ ટી ડેપોમાં અલગ સંચાલન હાથ ધરવામાં પણ વિલંબ થઈ રહયો છે. અલબત્ત જિલ્લાના ગામોમાં જવા માટે બસ સેવા મળતી નથી. ત્યારે લોકલ બસો પણ ઉભી ન રહેતા મુસાફરો માટે નવી સમસ્યા સર્જાઈ છે. જેના લીધે ગ્રામ્ય વિસ્તારમાંથી અપડાઉન કરતા સ્થાનિકો તેમજ વિદ્યાર્થીઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. આ મામલે એસ ટી ના સલાહકાર સમિતિના સભ્યએ ડેપો મેનેજર સમક્ષ રજુઆત પણ કરી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. જયારે એસ ટી ડેપોમાં મુકાયેલા ભાડાપત્રકમાં પણ ગ્રામ્ય વિસ્તારની રૂટીન બસોનો ઉલ્લેખ કરાયો નથી.

## ઉત્તર ગુજરાતની સ્થિતિ અંગે તાકીદે સર્વપક્ષીય બેઠક બોલાવો : ચાવડા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને પત્ર લખી ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી સ્થિતિ અંગે તાકીદે પગલાં લેવાય અને તે માટે તંત્ર ને વધુ સંવેદનશીલ બની કામગીરી હાથ ધરે તે માટે રજુઆત કરી છે.

મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં તેમણે પેયજળ ઉપરાંત પશુધન માટે ઘાસચારાની વ્યવસ્થાનું આયોજન, ગરીબો અને ખેડૂતોનું શું? ઉત્પાદન પર થનારી માઠી અસરો અંગેનો ઉલ્લેખ કરી તાકીદે સર્વપક્ષીય બેઠક બોલાવવા માંગ કરી છે.

ચાવડાએ તેમના પત્રમાં ખેડૂતોને પિયત માટે તાત્કાલિક પાણી અને વીજપુરવઠો પણ જરૂરિયાત મુજબનો પુરો પાડવામાં આવે તેવી રજુઆત સાથે તંત્રને તે માટે સંવેદનશીલ બનાવી આયોજનો હાથ ધરાય તેવો આગ્રહ કર્યો છે.

# સ્વચ્છતા સર્વેક્ષણ (ગ્રામીણ)-૨૦૧૮ માટે જિલ્લાના પાંચ ગામોમાં ટીમ પહોંચી..!

ગાંધીનગર, તા. ૩

સ્વચ્છતા સર્વેક્ષણ (ગ્રામીણ)-૨૦૧૮નો ગાંધીનગર જિલ્લામાં આરંભ થયો છે અને આજે જિલ્લાના પાંચથી પણ વધુ ગામોમાં ભારત સરકાર દ્વારા નિમાયેલી ટીમના સભ્યો પહોંચ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના આદરજ-મોટી ગામે જ્યારે સર્વેક્ષણની ટીમ પહોંચી ત્યારે શાળાના બાળકોની સ્વચ્છતા અંગેની રેલી ચાલી રહી હતી. આથી નિરીક્ષકો આ રેલીમાં જોડાઈ ગયા હતા અને ગામની મુલાકાત લીધી હતી.

ભારત સરકાર દ્વારા નિમાયેલી ટીમોના પ્રતિનિધિઓએ ગ્રામજનો સાથે સ્વચ્છતા અંગે ટુંકી પ્રશ્નોત્તરી કરી હતી એટલુ જ નહિ જાહેર સ્થાનો પર સ્વચ્છતાની પરિસ્થિતિ અંગે નિરીક્ષણ પણ કર્યું હતું.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ટીમો આજે જિલ્લાના સાત ગામોમાં ત્રાટકી હતી.

ગાંધીનગર તાલુકાના ઝુંડાલ, આદરજ-મોટી, માણસાના લિંબોદ્રા, અંબોડ ગામ સહિત કલોલ તાલુકાના ગામોનો સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે.

૧લી ઓગષ્ટથી આ સર્વેક્ષણની કામગીરી શરૂ થવાની હતી અને ૩૧ ઓગષ્ટ સુધી તે ચાલવાની છે. સ્વચ્છતા સર્વેક્ષણની ટીમો કયારે આવશે તેને લઈ ઉત્સુકતા પ્રવર્તતી જોવા મળતી હતી તે આજે આવી પહોંચી હતી.



ગાંધીનગર મહાનગર પાલિકાની ટીમને તાજેતરમાં સિવિલ કેમ્પસમાં વિવિધ સ્થળો પરથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. જેને પગલે પાલિકાની ટીમે સિવિલ કેમ્પસમાં ફોગીંગની કામગીરી કરી હતી.

## સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૩

સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ગાંધીનગરની કોલવડા પ્રાથમિક શાળા-૧, પ્રાથમિક શાળા-૨ અને સેકટર-૧૩ ની પ્રાથમિક શાળા નં-૧ અને ૨ માં અભ્યાસ કરતા ધોરણ- ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને અભ્યાસ શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧ થી ૪ ના વિદ્યાર્થી ભાઈ બહેનોને નોટબુકો-૨ પેન્સીલ અને રબર આપ્યા હતા. જયારે ધોરણ-૫ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચોપડા નંગ-૪ તેમજ બોલપેન નંગ-૨ આપવામાં આવી હતી. સરકારી શાળાના કુલ ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. આ સેવામાં સિસિકાના કન્વીનર મનહરભાઈ શાહ, કારોબારીના સભ્યો બી.ડી.શાહ, રસીકભાઈ ગાંધી સહિત અન્ય સભ્યો પણ હાજર રહ્યા હતા.

# મિશન વિદ્યા કાર્યક્રમને સાચા અર્થમાં સાર્થક કરવા માટે તન અને મનથી જોડાવો : કલેકટર

ગાંધીનગર, તા.૩

રાજય સરકાર દ્વારા આરંભ કરવામાં આવેલા મિશન વિદ્યા કાર્યક્રમમાં તન અને મનથી જોડાવવા માટે ગાંધીનગર જિલ્લાના મિશન વિદ્યામાં સંકળાયેલા અધિકારીઓને અધિકારી શ્રી હિતેષ કોયાની ઉપસ્થિતિમાં મિશન વિદ્યા કાર્યક્રમને વધુ સફળ કરવા માટેની ચિંતન બેઠક યોજાઈ હતી. સેકટર-૭ની સરદાર વલ્લભાઈ વિદ્યા મંદિર ખાતે યોજાયેલ બેઠકના આરંભમાં ડી.પી.ઈ.ઓ શ્રી પંડયા તેની પણ વિસ્તૃત વાત કરી હતી. તેમણે તમામ ઉપસ્થિત અધિકારીઓને પોતાના સમયમાંથી માત્ર બે કલાક આપી આ કાર્ય કરવા પણ જણાવ્યું હતું. તે ઉપરાંત આ કાર્યક્રમને સાચા અર્થમાં વધુ અસરકારક બનાવવા



ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં મિશન વિદ્યા કાર્યક્રમ પાછળના રાજય સરકારના ઉમદા આશયને સાર્થક કરવા માટે આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા અને જિલ્લા વિકાસ દ્વારા મિશન વિદ્યાની જાણકારી આપતું પ્રેઝેન્ટેશન ઉપસ્થિત અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાએ વધુમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ થકી પ્રિય વિદ્યાર્થીઓને વાંચન, ગણન, લેખનનું કાર્ય વધુ સરળ કેમ કરવું તે માટેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. કલેકટરશ્રીએ ઉપસ્થિત અધિકારીઓને વિવિધ પ્રશ્નો કરીને તેમને મિશન વિદ્યાના પાછળ રહેલા રાજય સરકારના ઉમદા આશયને કેમ સાર્થક કરી શકાય માટે સી.આર.સી., આચાર્ય અને શાળાના શિક્ષકો સાથે સંપર્કમાં રહી તેમજ સમયાંતરે રીપોર્ટ મેળવવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, પ્રિય બાળકોને શિક્ષણ આપવા માટે કોઈ નવીન વિચાર હોય તો તે રીતે શિક્ષણ આપવા માટે શિક્ષકોને અનુરોધ કરવો. તેમજ મિશન વિદ્યા – ૧ માં જ આપણા જિલ્લાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરીએ જેથી જિલ્લામાં મિશન વિદ્યા-૨ નું આયોજન ન કરવું પડે તેવું પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો ૧૦મો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૦મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એસ. લિખિયા, કુલસચિવ કમલામણીબેન રાવ, હિસાબી અધિકારી આર.જે. શાહ, અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટય બાદ સમુહમાં યુનિવર્સિટી ગીતનું ગાન કરાયું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાઈ હતી. પ્રોફેસર ડૉ. જીજ્ઞેશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું કુલપતિ ડૉ. કે.એસ. લિખિયાએ આર્શવચન પાઠવ્યા હતા તેમજ આ પ્રસંગે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# જિલ્લાકક્ષાની વોલીબોલ સ્પર્ધામાં આર.જી.પટેલ શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરની સેકટર-૨૩ સ્વામીનારાયણ ગુરુકુલ શાળા ખાતે તાજેતરમાં જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ શાળાઓની વિદ્યાર્થીનીઓની ટીમે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં આર.જી.પટેલ શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરતા જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શહેરના સેકટર-૨૩ સ્વામીનારાયણ ગુરુકુલ ખાતે તાજેતરમાં અંડર-૧૯ જિલ્લાકક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આર.જી.પટેલ માધ્યમિક અને એસ.બી.પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાની ધો-૧૧ અને ધો-૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વોલીબોલ સ્પર્ધામાં સારો દેખાવ કરતા જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવેલ છે. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીનીઓમાં ઠાકોર માનસી-૧૨ડી, પ્રજાપતિ દેવાંગી ૧૨-ડી, પ્રજાપતિ પ્રેરણા ૧૨ડી, જોશી વાગ્મી ૧૨-એ, પટેલ ત્વીસા ૧૧-જી, પટેલ દેવલ-૧૧જી, અને સિસોદીયા કુસુમ ૧૨-બીનો સમાવેશ થાય છે. આ તમામ વિદ્યાર્થીનીઓ રાજયકક્ષાએ રમત માટે પસંદગી પામી છે. આ તમામ ખેલાડી બહેનોને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોશીએ કોંચીગ આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સુધાબેન પટેલ, ઉચ્ચતર માધ્યમિક વિભાગના સુપરવાઈઝર રમેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ અને માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલે તમામ ખેલાડીઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# માનવ કલ્યાણ યોજના અંતર્ગત અદ્યતન ટુલ્સ કિટ્સ અપાશે

ગાંધીનગર, તા. ૩

રાજય સરકાર દ્વારા માનવ કલ્યાણ યોજના અંતર્ગત આપતી કિટ્સમાં અધતન સાધન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. માનવ કલ્યાણ યોજના અંતર્ગત નક્કી કરવામાં આવેલી ૩૦ જેટલી કિટ્સમાં જે અધતન સાધનનો સમાવેશ કરવામાં આવનાર છે. તેનો લોકમત અભિપ્રાય મેળવવા માટેની ગાંધીનગર જિલ્લાની બેઠક આજરોજ કુટિર અને ગ્રામધોગના કમિશનર સંદિપકુમાર અને ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે. લાંગાની ઉપસ્થિતમાં કલેકટર કચેરી ખાતે મળી હતી.

રાજય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળા થકી વ્યકિતને પોતાનો વ્યવસયનો વિકાસ કરવા અને તેને સ્વનિર્ભર બનાવવાના ઉમદા આશયથી માનવ કલ્યાણ યોજના થકી સાધન સહાય આપવામાં આવે છે.

જેમાં બ્યુટી પાર્લર, કડિયાકામ, લેધર વર્ક, દરજીકામ/શિવણકામ/ભરતકામ, કુંભારી કામ, વિવિધ પ્રકારની ફેરી, પલ્મ્બર કામ સાઉન્ડ સિસ્ટમ અને લાઈટ ડેકોરેશન, કેટેરીંગ જેવા નક્કી કરાયેલ ૩૦ વ્યવાસય માટેની ટુલ્સ કિટ્સ વિવિધ વિભાગ દ્વારા સાચા લાભાર્થીઓને આપવામાં આવે છે. પરંતુ બદલતા સમય સાથે તેઓ કામ કરી શકે તે માટે અધતન સાધન આપવાનું રાજયના સંવેદશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

## ચિલોડા સર્કલ આસપાસ ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્કિંગ નિયમનની ઝુંબેશ

ગાંધીનગર જિલ્લાના અને પાટનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલને અડીને આવેલા છ માર્ગીય રાષ્ટ્રીય ધોરી માર્ગ પર અસંખ્ય વાહનો અને મુસાફરોની અવરજવરનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર સમા જાહેર માર્ગો નજીક આવેલા ગેરકાયદેસર દબાણો તથા પાર્કિંગની જગ્યાના અભાવે આડેધડ ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્કિંગને લીધે નાગરિકોને ભારે હાલાકી વેઠવી પડે છે. એકબાજુ સીક્સલેન અને ઓવરબ્રીજનું કામકાજ ચાલી રહ્યું છે ત્યારે જાહેર માર્ગ પર આડેધડ પાર્કીંગ કરતા ખાનગી વાહનચાલકોને લીધે ટ્રાફિકની સમસ્યાથી લોકો ભોગ બને છે. કલાકોના કલાકો સુધી વાહનોની લાંબી કતારો સર્જાતા ટ્રાફિક નિયમન કરવુ મુશ્કેલ બન્યુ છે.

## શહેર પેન્શનર સમાજ પડતર પ્રશ્નો અંગે રેલી યોજશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીનું ધ્યાન કેન્દ્રીત કરવા ગત્ તા.૧૫-૬-૧૮ થી પોસ્ટ કાર્ડ ઝુંબેશ શરુ કરવામાં આવી છે. આ ઝુંબેશને ખુબ સારો પ્રતિસાદ મળવા પામ્યો છે અને ઝુંબેશ સફળ રહેવા પામી છે.

ઉપરાંત ગાંધીનગર શહેર પેન્શર સમાજની તાજેતરમાં કાર્યવાહક સમિતિની બેઠકમાં લેવાયેલા નિર્ણયને પગલે તા. ૩૦ ઓગસ્ટના રોજ પેન્શનરો સે-૬સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૦.૩૦ કલાકે થી ગાંધીચિંધ્યા માર્ગે રેલી સ્વરુપે પથિકાશ્રમ સર્કલ સુધી કુચ કરશે. ત્યારબાદ પોતાના પડતર પ્રશ્નો અંગે કલેકટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરશે. આ અહિંસક આંદોલનમાં તમામ પેન્શનરોને હાજર રહેવા સંસ્થાના પ્રવરમંત્રી રમણલાલ શ્રીમાળીએ અનુરોધ કર્યો છે.


## અવસાન જાહેરાત



ઉપરોક્ત ફોટાવાળા અમારા પિતા સંપતભાઈ કેશાભાઈ દંતાણી કે, જેઓ આશરે ૫૦ વર્ષના હતા. તેઓનું અવસાન તા. ૬/૯/૨૦૧૬ના રોજ તા.જી. ગાંધીનગર, વાવોલ, કુબેરનગર ખાતે અમારા નિવાસસ્થાને થયેલ અને તેઓની અંતિમવિધિ પણ ગાંધીનગર ખાતે કરવામાં આવેલ હતી. પરંતુ અમો અભણ અને અજ્ઞાન હોવાથી શરતચૂક અને ભૂલને કારણે અમારા પિતાના મરણની નોંધણી કરાવેલ નથી જેની નોંધ લેવી.

લી.

**શૈલેષભાઈ સંપતભાઈ દંતાણી**
**કુબેરનગર, વાવોલ,**
**તા.જી.ગાંધીનગર**


ગુજરાત સરકાર

**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર

### જાહેરનામું

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જિલ્લા : મહેસાણા

ક્રમાંક : જસં/૨૦૧૮/મહેસાણા૯૪/૨૨/મ તા. ૧૧/૭/૧૮

આ સાથેની અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, નર્મદા યોજનાની સિયાપુરા ડાયરેક્ટ માઈનોર નહેરના બાંધકામ માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. તેથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજવી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટનાં જાહેર હેતુ માટે કાયદાનુંસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ નર્મદા યોજનાની શિયાપુરા ડાયરેક્ટ માઈનોર નહેરના બાંધકામ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર હે.૦-૨૧-૭૩ ચો.મી. છે. અને તે મહેસાણા જિલ્લાની કડી તાલુકાના ગામ રંગપુરડાની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે, ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ વિસ્તાર હે.૦-૨૧-૭૩ ચો.મી. જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હીતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી 'સદરહુ અધિનિયમ'ની કલમ-૧૦ (એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩) (ગુજરાત સુધારા અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ નં.૧૨ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં નર્મદા યોજનાની શિયાપુરા ડાયરેક્ટ માઈનોર નહેરના બાંધકામ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ ક્ષેત્રફળ વિસ્તાર હે. ૦-૨૧-૭૩ ચો.મી. જમીનન 'સદરહુ અધિનિયમ'ના પ્રકરમ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસુચિ**

**જિલ્લો : મહેસાણા, તાલુકો : કડી, ગામ : રંગપુરડા, કેસ નંબર -૧/૧૮**
**જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક નર્મદા યોજનાની શિયાપુરા ડાયરેક્ટ માઈનોર નહેરના બાંધકામ માટે.**

| સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. |
|---|---|---|---|
| ૫૮૦ | ૦.૦૦.૫૮ | ૮૬૪ | ૦.૦૧.૨૧ |
| ૮૬૦ | ૦.૧૯.૯૪ | કુલ-૩ | ૦.૨૧.૭૩ |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(નરેન્દ્ર ગોર)
ઉપ સચિવ (જ.સં.)
નર્મદા, જળ સંપત્તિ, પાણી
પુરવઠા, કલ્પસર વિભાગ, ગાંધીનગર

ક્રમાંક : નામાનિ/૧૮૫/૨૦૧૮-૧૯


